નંદા ઓટો મોબાઈલ્સ સર્વિસ સ્ટેશનમાં કાર સળગી ઉઠી..!

સર્વિસ સ્ટેશનમાં નાસભાગ : ફાયરબ્રિગેડે આગ પર સમયસર કાબુ મેળવ્યો

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૮ ખાતે સ્થિત નંદા ઓટોમોબાઈલ્સ સર્વિસ સ્ટેશનના એક્સીડેન્ટ ઝોનમાં કારનું વેલ્ડીંગ કામકાજ ચાલી રહ્યું હતું તે દરમ્યાન એકાએક આગ લાગતા સર્વિસ સ્ટેશનમાં નાસભાગ મચી જવા પામી હતી. ગાંધીનગર ફાયરબ્રિગેડને બોલાવી લેવાતા ટીમે પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લઈ લીધી હતી. સદ્‌ભાગ્યે આ બનાવમાં કોઈને ઈજાઓ થવા પામી ન હતી અને વધુ નુકશાન પણ થતા અટકી ગયું હતું.

શહેરના સેક્ટર-૨૮માં આવેલા નંદા ઓટોમોબાઈલ્સ સર્વિસ સ્ટેશનમાં અકસ્માતગ્રસ્ત ગાડીઓની મરામત જે વિભાગમાં થાય છે તે એક્સીડેન્ટ ઝોનમાં આજે સવારના સુમારે મારૂતી-૮૦૦ કારમાં વેલ્ડીંગનું કામકાજ ચાલી રહ્યું હતું. તે દરમ્યાન અચાનક ગાડીમાં સ્પાર્ક સાથે આગ લાગી ઉઠતા દોડધામ મચી જવા પામી હતી. નંદા ઓટોમોબાઈલ્સ સર્વિસ સ્ટેશનનાં કર્મચારીઓએ ફાયર એસ્ટીંગ્યુઝરથી આગને સાંત પાડવાના પ્રયત્નો શરૂ કરી દઈ ગાંધીનગર ફાયરબ્રિગેડને બોલાવી લેવાઈ હતી. ફાયર ઓફીસર એમ. આર. મોડ ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેલવી લીધો હતો. સમયસર આગ પર કાબુ લઈ લેવાતા વધુ નુકશાન થતુ અટકી ગયું હતું.

બોનસ જાહેર કરવા વર્ગ-૪ કર્મચારીઓની માંગ

દિવાળીના આડે થોડા દિવસો હોવાથી કર્મચારીઓ બોનસની રાહે

ગાંધીનગર, તા.૩

ગુજરાત રાજય સરકારી ચોથા વર્ગ કર્મચારી મહામંડળ દ્વારા વર્ગ-૪ કર્મચારીઓને ત્વરિત બોનસ ફાળવવા પ્રબળ માંગ કરવામાં આવી છે. દિવાળી નજીકમાં હોવાથી સરકાર કક્ષાએથી બોનસ જાહેર કરવા મહામંડળે લાગણી વ્યકત કરી છે.

રાજય સરકારી ચોથાવર્ગ કર્મચારી મહામંડળના પ્રમુખ રામેશ્વર લોટ, પ્રવિણભાઈ સોલંકી, તેમજ ઉપપ્રમુખ પૂનમભાઈ સોલંકીએ આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર દિવાળીના તહેવારના આડે હવે થોડા દિવસો જ બાકી રહ્યા છે. આવા સંજોગોમાં વર્ગ-૪ કર્મચારીઓને બોનસ ચુકવવા અંગે હજુ સરકારે જાહેરાત કરી નથી. આકરી મોંઘવારીના દિવસોમાં વર્ગ-૪ કર્મચારીઓ પણ ઉત્સાહપૂર્વક દિવાળી ઉજવી શકે તે માટે સરકાર દ્વારા બોનસ જાહેર કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. ચૂંટણી કમિશને પણ આ મામલે મંજુરી આપી દીધી છે. આમ છતાં હજુ બોનસ જાહેર કરવામાં આવ્યું નથી. નાના વર્ગના કર્મચારીઓની લાગણીને ધ્યાને રાખી દિવાળી પૂર્વે વર્ગ-૪ કર્મચારીઓને બોનસ ચુકવવામાં આવે તેમ પણ રજુઆતમાં જણાવાયું છે.

આજે વિકલાંગો માટેના રાજયકક્ષા રમતોત્સવની કાર્ય શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૩

ધી સોસાયટી ફોર ફીઝીકલી હેન્ડીકેપ્ડ અમદાવાદ તથા પેરાલિમ્પિક કમિટિ ઓફ ગુજરાત દ્વારા સંચાલિત રાજયકક્ષા રમતોત્સવ ૨૦૧૨નું આયોજન ડિસેમ્બર ૨૦૧૨માં યોજાશે. જે અંતર્ગત રાજય સ્તરની વિકલાંગો માટે કાર્ય કરતી સંસ્થાઓના સંચાલકોની રાજય કાર્યશિબિર આજે તા.૪થી નવેમ્બર ૨૦૧૨ને રવિવારે સવારે ૧૦ કલાકે પાવનધામ, ધી સોસાયટી ફોર ફીઝીકલ હેન્ડીકેપ્ડ, અમદાવાદ, વિનસ એપાર્ટમેન્ટની સામે, પ્રકાશ હાયર સેકન્ડરી સ્કૂલની નજીક, વસ્ત્રાપુર, બોડકદેવ, અમદાવાદ-૫૪ ખાતે યોજાશે.

કાર્ય શિબિરમાં વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવા સંદર્ભિત કેવી રીતે ભાગ લેવો, કોણ ભાગ લઈ શકશે, ઓનલાઈન ફોર્મ કેવી રીતે ભરવા, કેટલી રમત સ્પર્ધાઓ છે, કઈ કઈ સ્પર્ધાઓ ટીમથી રમાશે, કઈ સ્પર્ધાઓ વ્યકિતગતથી રમાશે, જિલ્લા કક્ષાએ સ્પર્ધાઓનું આયોજન, જિલ્લા કક્ષાએ પ્રતિનિધિત્વ વગેરે અનેક બાબતો માટેની વિસ્તૃત જાણકારી અર્થે કાર્ય શિબિર ગોઠવવામાં આવી છે.

ગાયત્રી શક્તિપીઠ પરિવારનો આભાર વ્યક્ત કરતું જ્યોતિ મહિલા મંડળ

ગાંધીનગર, તા. ૩

જ્યોતિ મહિલા મંડળ, ગાંધીનગર દ્વારા શરદપૂનમ નિમિત્તે એક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન ગાયત્રી શક્તિપીઠ, સેક્ટર-૧ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં જસુબેન ઠક્કર અને તેમની સાથી બહેનોની ટીમે ઉપસ્થિત સૌ મહેમાનોને વેદિક મંત્રોચ્ચાર દ્વારા આશીર્વચન પાઠવ્યા હતા. જે માટે જ્યોતિ મહિલા મંડળના લતાબેન ચોકસી અને ચેતનાબેન બૂચે ગાયત્રી શક્તિપીઠ પરિવાર અને મેનેજીંગ ટ્રસ્ટીનો હૃદયપૂર્વક આભાર માન્યો છે.

ગાંધીનગરમાં જેસીઝની પ્રવૃત્તિઓ પુનઃ શરૂ કરવા સક્રિય વિચારણા

ગાંધીનગર, તા. ૩

તાજેતરમાં ઘૂંઘટ હોટેલ ખાતે એમ.પી. ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટના યજમાન પદે ગાંધીનગરમાં પુનઃ જેસીઝ ચળવળ શરૂ કરવા માટે ગાંધીનગર જેસીઝના ૨૦ પૂર્વપ્રમુખો તેમજ બે પૂર્વ ઉપપ્રમુખોની ઉપસ્થિતિમાં ગાંધીનગર જેસીઝના સ્થાપક પ્રમુખ શ્રી સતીષભાઈ પટેલ અને એમ. પી. ચૌધરી ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ જેસી. મણીભાઈ ચૌધરીના સાનિધ્યમાં એક બેઠક બોલાવવામાં આવી હતી.

આ બેઠકનો શુભારંભ જેસી નિમેષભાઈ રાવલે જેસી આસ્થાની પ્રસ્તુતિથી કર્યો હતો. ઉપરોક્ત સહુ જેસી મિત્રોને જેસી સતીશભાઈ પટેલ અને જેસી મણીભાઈ ચૌધરીએ ઉષ્માભર્યો શાબ્દિક આવકાર આપ્યો હતો. ગાંધીનગરમાં ફરી એકવાર જેસીઝની ચળવળને સાકાર કરવા માટે હાજર રહેલા તમામ પૂર્વ પ્રમુખોએ તેમજ ઉપપ્રમુખોએ પોતાના કાર્યકાળ દરમિયાન કરેલી પ્રવૃત્તિઓના સુંદર સંભારણાઓ તાજા કરીને પાટનગરમાં ફરીથી જેસીઝ મુવમેન્ટ શરૂ કરવા માટે સહુએ તન-મન અને ધનથી સહયોગી બનવાની તત્પરતા દર્શાવી હતી. આ બેઠકમાં વિદાય લેતા જેસીઝના ઝોનલ પ્રેસિડેન્ટ જેસી હાર્દિક કાપડીયા અને નવા વરાયેલા ઝોનલ પ્રેસિડેન્ટ જેસી જુગલ કિશોર પણ ગાંધીનગરમાં ફરીથી જેસીઝનું ચેપ્ટર શરૂ કરવા માટે પોતાની સક્રિયતા અને સહકાર દાખવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. ઉપરોક્ત બેઠકનું સુંદર સંચાલન જેસી નિમેષ રાવલે અને સમાપન જેસી ભરત કવિએ કર્યુ હતું.

આજે સંસ્કાર ગ્રૂપ દ્વારા પ્રમાણપત્ર વિતરણનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના બાળકોનો સર્વાંગી વિકાસ કરતી સંસ્થા સંસ્કાર ગ્રૂપ દ્વારા આજે તા. ૪થી નવેમ્બર-૨૦૧૨ને રવિવારે સાંજે ૫.૪૫ થી ૭.૦૦ વાગ્યા દરમિયાન ગ્રૂપની પ્રવૃત્તિમાં સહભાગી બાળકોને પ્રમાણપત્ર વિતરણ કરવાનો કાર્યક્રમ સેક્ટર-૭, સુવિધા કેન્દ્ર પાસે, બગીચો, ગાંધીનગર ખાતે યોજાશે.

આજે આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા. ૩

ભાવના અને શ્રદ્ધાના અનન્ય સુમેળ એવા મા બહુચરના આનંદના ગરબાનો મહિમા ધીમે ધીમે વધી રહ્યો છે ત્યારે ગાંધીનગરના સેક્ટર-૭-બીમાં ભાવનાબેન ગોકલાણી દ્વારા આજે તા. ૪થી નવેમ્બર-૨૦૧૨ને રવિવારે બપોરે ૨ થી ૫ વાગ્યા દરમિયાન મહેશ્વરીબેન વ્યાસ, પ્લોટ નં. ૫૮૩/૨, ઘ-૨ કોર્નર, પટેલ પાર્લરના પાછળના ભાગમાં સેક્ટર-૭-બી, ગાંધીનગર ખાતે આનંદનો ગરબો યોજાશે. ભાવિક ભક્તોને તેનો લાભ લેવા ખાસ જણાવાયું છે.

દિવ્ય જીવન સંઘ દ્વારા આજે નિઃશુલ્ક મેડીકલ કેમ્પ

ગાંધીનગર, તા. ૩

દિવ્ય જીવન સંઘ ગાંધીનગર શાખા દ્વારા 'દિવ્ય જીવન જ્ઞાનપર્વ પરિષદ' નિમિત્તે તા. ૪ નવેમ્બરના રોજ સે-૧૨ બલરામ મંદિર પરિસર ખાતે સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન નિઃશુલ્ક મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં શહેરના નિષ્ણાંત તબીબો દ્વારા વિવિધ રોગોની નિઃશુલ્ક ચિકિત્સા સારવાર અને દવાનું વિતરણ કરવામાં આવશે. સ્ત્રી રોગ, નેત્રરોગ, નાક-કાન ગળાના રોગો, તેમજ દાંતના રોગ સહિતના દર્દીઓને સારવાર આપવામાં આવશે. દર્દીઓનું આયુર્વેદિક પધ્ધતિથી ચેકઅપ કરાશે. દર્દીઓનું રજીસ્ટ્રેશન સ્થળ પર જ કરવામાં આવશે.

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની પમીએ બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની માસિક બેઠક સંસ્થાના પ્રમુખ લવજીભાઈ વાડીઆના અધ્યક્ષ સ્થાને તા. ૪થી નવેમ્બર-૨૦૧૨ને સોમવારે સાંજે ૪.૩૦ કલાકે નમન એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે યોજાશે. બેઠકમાં મિલકત વેરો, મોંગવારી, ભ્રષ્ટાચાર તેમજ ગાંધીનગર શહેરના પડતર પ્રશ્નો અંગે જરૂરી ચર્ચા વિચારણા થશે. જાગૃત નાગરિક પરિષદના સર્વે હોદ્દેદારો કારોબારી સભ્યો તેમજ પ્રબુદ્ધ નાગરિકોએ ઉપસ્થિત રહેવા ખાસ જણાવ્યું છે.

શેરથામાંથી દારૂ-બિયરનો જથ્થો ભરેલી કાર ઝડપાઈ

પોલીસે પીછો કરતાં કાર મુકીને બુટલેગર દંપત્તિ ફરાર

ગાંધીનગર, તા. ૩

શહેર નજીક આવેલા શેરથા ગામમાંથી વિદેશી દારૂ તથા બિયરનો જથ્થો ભરેલી કાર પસાર થઈ રહી હોવાની બાતમીને આધારે અડાલજ પોલીસે વોચ ગોઠવી હતી. બાતમીવાળી કાર પસાર થતા ઉભી રાખવાનો ઈશારો પોલીસે કર્યો પરંતુ પોલીસ જોઈને કાર પુરપાટ ઝડપે ભગાડી મુકી હતી. શેરથા ગામમાં કાર મુકીને બુટલેગર દંપતી ફરાર થઈ ગયા હતા. અડાલજ પોલીસે રૂ. ૧૯૭૦નો દારૂ-બિયર જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અડાલજ પોલીસમથકના પી.એસ.આઈ. બી.એમ. રાઠવાને બાતમી મલી હતી કે શેરથામાં રહેતા પ્રતાપજી ગાંડાજી અને તેની પત્નિ ઝેન એસ્ટીલો કાર નં. જીજે-૧-ટીડી-૬૨૭૧માં દારૂ-બિયર ભરીને વેચાણ અર્થે શેરથા લાવી રહ્યા છે. જેને આધારે વોચ ગોઠવી કાર ઉભી રાખવા ઈશારો કર્યો હતો. પરંતુ પોલીસને જોઈને કાર ઉભી ન રાખી સ્પીડ વધારી દઈ કાર આગળ લઈ જઈને મુકીને દંપત્તી પલાયન થઈ ગયું હતું. પોલીસે કારની તલાશી લેતા તેમાંથી ૧૪ નંગ બીયરના ટીન અને એક બોટલ વિદેશી દારૂની બોટલ મળી આપી હતી. રૂ. ૧૯૦૦નો દારૂ પોલીસે જપ્ત કરીને વોન્ટેડ બુટલેગરોની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

માણસનેય સારો કહેવડાવે, વાનર છે; ભરી બપોરે ધમાલ કરે, વાનર છે. ભગવાનને એ યાદ કરાવે, વાનર છે; ભગવાનનીય માથે ચડી જાય, વાનર છે. (તસવીર : દિપક જાની)

અકસ્માત કેસમાં આરોપીને એક વર્ષની કેદનો આદેશ

ગાંધીનગર, તા.૩

અકસ્માતના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને એક વર્ષની સાદી કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર તા. ૧૨ ફેબ્રુઆરી વર્ષ ૨૦૦૯ દરમિયાન સે-૨૫ મધુર ડેરીના મેઈન ગેટ પાસે રાત્રિના સમયે અજયભાઈ ભીખાભાઈ રબારી ગાડી નં. જી.જે-૨ વાય ૫૮૩૯ પાછળ ઉભા હતા આ દરમિયાન આરોપી ભીખાભાઈ જીવભાઈ ભરવાડ (રહે સે-૧૪-ગોકુલપુરા) એ પોતની આઈશર ગાડી નં. જી.જે-૩, વી-૪૩૮૫ બેદરકારીપૂર્વક હંકારી તેમને ટક્કર મારતા અજયભાઈને ગળાના તેમજ શરીરના ભાગે ઈજા થવા પામી હતી. જેથી તેમનું મોત નિપજ્યું હતું. બનાવ સંદર્ભે પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આ કેસ ગાંધીનગરની ચીફ જ્યુ.મે.જી. કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે ડી.બી. બારોટે દલીલો કરી હતી. જે દલીલોને ધ્યાને લઈ જજ એમ.જી. રાવલજીએ આરોપીને તકસીરવાન ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા તેમજ રૂ.૧ ૫૦૦ દંડ ભોગવવા હુકમ કર્યો છે.

જી.એસ.એફ.સી. દ્વારા રામનગર મુકામે પાક નિદર્શન સભા યોજાઈ

ગાંધીનગર, તા.૩

આજ રોજ ગાંધીનગર તાલુકાનાં રામનગર (ડભોડા) મુકામે ગુજરાત-સ્ટેટ ફર્ટીલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિ. દ્વારા કપાસના પાક પર પાક નિદર્શન સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સભામાં કું.ના અમદાવાદ ખાતેના એરિયા મેનેજર વી.જે. વાછાણી, ચિલોડા ખાતેના કું.ના ડેપો ઈન્ચાર્જ વી.જી. પટેલ, કું.ના એગ્રો સર્વીસીઝ વિભાગનાં રાજુભાઈ ઠક્કર તેમજ ચિલોડા-એગ્રી બીઝનેસ સેન્ટરનાં સોજીત્રા અને કલ્યાણભાઈ વેકરીયા હાજર રહેલ. નિદર્શન સભામાં રામનગર તેમજ આજુબાજુનાં ગામનાં ૪૦ થી ૫૦ જેટલા ખેડુત ભાઈઓએ રસપૂર્વક ભાગ લીધો હતો.

સભામાં હાજર રહેલ ખેડુત ભાઈઓને અધિકારીગણ દ્વારા રાસાયણિક ખાતરોનો કાર્યક્ષમ ઉપયોગ, જૈવિક તેમજ પાણીમાં દ્રાવ્ય ખાતરોની વપરાશની મહત્વતા, જમીનને ક્ષાર મુકત કરવાનાં વિવિધ ઉપાયો તેમજ પાકની ઉત્પાદકતા તેમજ ગુણવત્તાને અસર કરતા વિવિધ પાસાઓની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

સંપૂર્ણ કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન કું.ના ચિલોડા ખાતેના ડેપો ઈન્ચાર્જ વી.જી. પટેલે કરેલ. અંતમાં પ્લોટ હોલ્ડર ખેડુતભાઈ ઉદાજી માનાજી ઠાકોરે ઉપસ્થિત અધિકારી ગણ અને ખેડુતભાઈઓનો આભાર વ્યકત કર્યો છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૬

સૂર્યાસ્ત : ૬.૦૧

તાપમાન

મહત્તમ : ૩૨.૨ ડિ.સે.

લઘુત્તમ : ૧૬.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૦ ટકા ● સાંજે ૩૬ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :

૧૯૨૦- ઈવીલ રીટર્ન : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫.૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

સ્કાયફોલ (હિન્દી) : ૧૦.૩૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

ચક્રવ્યૂહ : ૧૧.૧૫

ઓહ! માય ગોડ : ૨.૦૦

સ્ટુડન્ટ ઓફ ધ યર : ૪.૩૦

અજબ ગજબ લવ : ૭.૧૫

લવ સવ તેય ચીકન ખુરાના : ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :

લવ સવ તેય ચીકન ખુરાના : ૧૦.૦૦, ૩.૦૦, ૭.૧૫

અતા પતા લાપતા : ૧૨.૩૦

સન ઓફ રામ : ૫.૩૦

સ્ટુડન્ટ ઓફ ધ યર : ૯.૪૫

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

સ્કાયફોલ : ૮.૧૫, ૧૧.૦૦, ૧.૪૫, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

સ્કાયફોલ : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૦૦

: સ્ક્રીન-૩ :

૧૯૨૦- ઈવીલ રીટર્ન : ૯.૦૦, ૨.૦૦, ૭.૧૫

સ્ટુડન્ટ ઓફ ધ યર : ૧૧.૧૫

લવ સવ તેય ચીકન ખુરાના : ૪.૩૦, ૯.૪૫

: સ્ક્રીન-૪ :

લવ સવ તેય ચીકન ખુરાના : ૯.૦૦, ૧૧.૩૦, ૭.૩૦

ઓહ માય ગૉડ : ૨.૧૫

સ્ટુડન્ટ ઓફ ધ યર : ૪.૪૫

૧૯૨૦- ઈવીલ રીટર્ન : ૧૦.૧૫

સૂર્યા, વાવોલ

૧૯૨૦- ઈવીલ રીટર્ન : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

હું આવીશ સાજન તને મારા સમ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

૧૯૨૦- ઈવીલ રીટર્ન : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

સ્કાયફોલ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

ચક્રવ્યૂહ : ૧૦.૪૫, ૪.૩૦, ૧૦.૦૦

અજબ ગજબ લવ : ૨.૦૦

રશ : ૭.૩૦

શિરાગ, કલોલ

હું આવીશ સાજન તને મારા સમ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

સામાજિક

- પેન્શનર પ્રદાનના દિપોત્સવી અંકનું વિમોચન બપોરે ૪.૦૦ કલાકે, સેકટર-૭ડી ખાતે આવેલ ચૌધરી માધ્યમિક શાળાના હોલમાં યોજાશે.
- રેશનલ સમાજ ગાંધીનગર દ્વારા જાહેર જનતાના હિતાર્થે સમાજમાં પ્રવર્તમાન અંધશ્રદ્ધા, ચમત્કારો વગેરેનો પર્દાફાસ કરતો જાહેર કાર્યક્રમનું આયોજન સાંજે ૪.૩૦ કલાકે નિસર્ગ સાયન્સ સેન્ટર, સેકટર-૨૩ ખાતે યોજાશે.

આપની આજ

મેષ : આપના દ્વારા કરાયેલા પૂર્વના કાર્યોનું ફળ પ્રાપ્ત થવાની સંભાવના છે. સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે.

વૃષભ : આવક કરતાં જાવક ન વધે તેની કાળજી રાખવી. વ્યાપાર - વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો.

મિથુન : કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો. દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

કર્ક : વ્યાપાર માં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

સિંહ : આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

કન્યા : માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

તુલા : સામાજિક સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત બનશે. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ થશે. વેપાર સારો ચાલશે. આર્થિક ક્ષેત્રમાં લાભદાયક કાર્યોનો યોગ.

વૃશ્ચિક : નવા આર્થિક સાધનો પર કાર્ય થશે. વ્યાપારમાં મુશ્કેલી આવી શકે છે. ભાગ્યવર્ધક કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

ધન : આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે.

મકર : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. આપનો આત્મવિશ્વાસ અડગ થશે.

કુંભ : વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. મિત્રો અને સહયોગીઓ અને વ્યાપારમાં ભાગીદારો પર વધારે વિશ્વાસ નુકશાન કારક બની શકે છે.

મીન : જીવનસંગીની સાથે તકરાર ન બને. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

ચિરવિદાય

- સ્વ. પોપટજી અમથાજી પરમાર (ઉ.વ. ૭૫) મુ.પો. માણેકપુર, તા. માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. મોહનભાઈ રામાભાઈ પ્રજાપતિ (ઉ.વ. ૮૮) મુ.પો. તારાપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. તખતસિંહ જવાનસિંહ વાઘેલા (ઉ.વ. ૫૩) મુ.પો.સરગાસણ, તા., જિ. ગાંધીનગર.